Divya Bhaskar, Date:29.04.2018, Page No.2



## એન્જિન અને કોચની ઝડપથી ડિલિવરી કરવા જાપાન અને દક્ષિણ કોરિયાને રજૂઆત કરાશે

# મેટ્રોના બંને રૂટની એકસાથે ટ્રાયલ રન ઓક્ટોબરમાં

## વડાપ્રધાન મોદીએ રાજ્ય સરકારને કોચ વહેલા મેળવવા માટે તાકીદ કરી: અગાઉ ટ્રાયલ 2017માં કરવાની હતી

મૌલિક મહેતા | ગાંધીનગર

પ્રથમથી જ વિલંબમાં મૂકાયેલા અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કાની ટ્રાયલ રન જાન્યુઆરી -2019માં શક્ય બને તેમ છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુદ આ પ્રોજેક્ટમાં રસ દાખવીને ત્રણ મહિના વહેલી એટલે કે ઓક્ટોબર-2018માં ટ્રાયલ રન શરૂ થાય તે માટેની કાર્યવાહી કરવા ગુજરાત સરકારને સૂચના આપી છે. સાથે એન્જિન અને કોચની ઝડપથી ડિલીવરી થાય તે માટે જાપાન અને દક્ષિણ કોરીયાને રજૂઆત કરાશે. પ્રથમ તબક્કાના ઇસ્ટ-વેસ્ટ વસ્ત્રાલથી એપરલ પાર્ક સુધીના 6.6 કિલોમીટરના રૂટની ટ્રાયલ રન લેવાની હતી પરંતુ કોચમાં વિલંબ થતા હવે રાજ્ય સરકાર ગ્યાસપુર ડેપોના નોર્થ-સાઉથ રૂટનું કામ પણ પુરું કરીને બંને રૂટમાં કુલ 12 કિલોમીટરની ટ્રાયલ રન એકસાથે થાય તેવા પ્રયાસ કરી રહી છે.

મેટ્રોના પ્રથમ તબક્કાની ટ્રાયલ રન સપ્ટેમ્બર 2017માં કરવાની રાજ્ય સરકારની ગણતરી હતી પરંતુ કોચ નહીં મળતા તે શક્ય બન્યું ન હતું. હજુ પણ આ પ્રોજેક્ટમાં કોચ નહીં મળવાને કારણે વિલંબ થઇ રહ્યો છે. જેમાં રાજ્ય સરકાર તરફથી કોચ ડિસેમ્બર-જાન્યુઆરીમાં મળે તેમ હોવાથી ટ્રાયલ રન પણ ડિસેમ્બર કે જાન્યુઆરીમાં જ શક્ય બનશે તેમ જણાવાયું હતું. વડાપ્રધાન મોદીએ રાજ્ય સરકારને કોચ વહેલા મેળવવા માટે તાકીદ કરી હતી.



### કોર્ટ કેસને કારણે કોચ બનવામાં વિલંબ થયો

સુપ્રીમ કોર્ટમાં ચાલતા કેસને કારણે મેટ્રોના કોચ બનવામાં વિલંબ થયો છે. કંપનીને 18 મહિનામાં કોચ પૂરા પાડવાના હતા. પરંતુ 15 મહિનામાં જ કોચ પૂરા પાડવાની તૈયારી દર્શાવી હતી. જ્યારે વડાપ્રધાનની સૂચનાથી 12 મહિનામાં જ કોચની ડિલીવરી કરવા જણાવાશે.

### લોકસભા ચૂંટણી પૂર્વે ગુજરાત મોડેલ ઝળકશે

2019ની લોકસભાની ચૂંટણીમાં દેશ સમક્ષ ગુજરાતનું વિકાસ મોડેલ શો-કેસ થાય તેવા પ્રયાસો છે. 31મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઇ પટેલની જયંતી નિમિત્તે વિશ્વની સૌથી ઉંચી તેમની પ્રતિમાનું લોકાર્પણ છે. આ સાથે જ મેટ્રોના પ્રથમ તબક્કાના બંને રૂટની ઓક્ટોબરમાં ટ્રાયલ રન માટે સૂચના અપાઇ છે.

DivyaBhaskar.com પર Cricket Pundit બનો અને જીતો,
Game રમવા માટે Miss Call કરો: 91900-00090